ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

# “કોરોના વાયરસની સમાજ પર થતી અસરોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ”
## (ગુજરાત રાજ્યનાં સંદર્ભમાં)

ડૉ.ભાગ્યશ્રી જે. રાજપુત
(મુલાકાતી વ્યાખ્યાતા)
શ્રી એચ.કે.આર્ટસ કોલેજ,
આશ્રમ રોડ, અમદાવાદ

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

## પ્રસ્તાવના :-

જ્યારથી માનવસમાજની ઉત્પત્તિ થઇ ત્યારથી માંડી આધુનિક ટેકનોલોજીનાં યુગ સુધી માનવીએ અનેક પડકારો-યુદ્ધો-મહામારીઓનો સામનો કર્યો છે. કુદરત સામે સંઘર્ષ કરતા કરતા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સફળ થયા છે, તો ક્યાંક જનજીવન જોખમાયું છે. પ્લેગ, એચ૧એન૧, સાર્સ, ઇબોલા, ઝીકા, નોવેલ કોરોના વાયરસ વગેરે જેવી જીવલેણ મહામારીઓએ વિશ્વનાં પ્રત્યેક માનવસમાજની દશા અને દિશા ધરમૂળથી બદલી નાખી છે. વૈશ્વિક સ્થિતિ વિકરાળ બનવાનું કારણ કેટલેક અંશે માનવ જવાબદાર છે તો કેટલેક અંશે કુદરતી પરિબળો.

કુદરતી તત્વો પર જયારે માનવી વધુ પડતું આધિપત્ય જમાવી લે છે ત્યારે કુદરતી તત્વોનું સંતુલન ખોરવાતું હોય છે. કુદરત સર્વોપરી હોવાનો અહેસાસ કરાવે છે તો માનવીએ અવનવી શોધોથી તેને નાથવા પ્રયાસ કર્યો છે, આમ ને આમ ચક્ર ચાલતું રહે છે, તો માલ્થસના સિદ્ધાંત મુજબ વસ્તી વૃદ્ધિ અટકાવવા પણ આવી મહામારી અને રોગચાળા થતા રહે છે. આથી કેટલીક વાર અજાણ્યા-અણધાર્યા રોગો, સમસ્યાઓ, મહામારીઓનો પણ જન્મ થતો જ આવ્યો છે. અનેક નવી હાડમારીઓ-મહામારીઓ તેનું જ એક પરિણામ છે. આજનો માનવી એક જ આંગળીના ટેરવે દુનિયા ને જાણતો-સમજતો થઇ ગયો છે, આખા વિશ્વને પોતાના ઘરના ખૂણે લાવી મૂકી દીધું છે, આ એક વિકાસ કહી શકાય. વૈશ્વિકરણને લીધે જયારે વિશ્વ એક નાનું ગામ બની રહ્યું હોય ત્યારે લોકો વચ્ચેનો સંપર્ક ખુબ જ ઝડપથી અને સતત થતો રહેતો હોય છે. આજે આપણે એ સ્થિતિ પર આવીને ઉભા રહી ગયા છે કે, આ જ વૈશ્વિક સંપર્ક આપણા માટે

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

મોતનું જોખમ બની ગયો છે, તેનું તાજું ઉદાહરણ છે : 'નોવેલ કોરોના વાયરસ'. આ જ વાયરસથી બચવા આજે સમગ્ર વિશ્વ સામાજિક અંતર રાખવા મજબુર બની ગયું છે.

નોવેલ કોરોના વાયરસ ક્યાં કારણથી ફેલાયો? કોનાં માધ્યમથી ફેલાયો? તે તો જાણી શકાયું નથી, પરંતુ આજે કોરોના વાયરસ વિશ્વને ભરખી રહ્યો છે, ત્યારે સમાજ પર, સામાજિક સંબંધો પર, વ્યક્તિના અંગત જીવન, કૌટુંબિક જીવન, તેઓના વર્તન-વ્યવહાર, વિચારસરણી જીવનશૈલી પર આ વાયરસની કેવી અસરો થાય છે? તે જાણવું ખુબ જ મહત્વનું છે. આથી ગુજરાત રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં વસવાટ કરતા લોકો પાસેથી ગુગલ ફોર્મ દ્વારા આ અંગે જાણકારી મેળવવા માહિતી એકત્રિત કરવામાં આવી છે.

VIDHYAYANA

## કોરોના વાયરસ કેવી રીતે ફેલાયો :-

વિશ્વમાં હાહાકાર મચાવનાર નોવેલ કોરોના વાયરસ ચીનનાં વુહાન શહેરથી ફેલાયેલો છે. આ વાયરસ માણસ દ્વારા અન્ય માણસમાં ફેલાય છે. તેમજ વુહાનમાં ચામાચીડિયાનો સૂપ ખુબ જ લોકપ્રિય હોવાથી ચામાચીડિયાનાં સૂપમાંથી વાયરસ ઉભો થયો હોવાનું મનાય છે. કેટલાક સંશોધનોમાં એવો દાવો પણ કરવામાં આવેલો છે કે, કોરોના વાયરસ (૨૦૧૯-NCOV)થી ફેલાયેલા ઘાતક સંક્રમણ શ્વાસની બીમારીના પ્રકોપ માટે મૂળ રૂપથી સાપ અને ચામાચિડિયું સ્રોત હોઈ શકે છે. આ રીસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, દર્દીઓ પર કોરોના વાયરસની અસર થઇ છે તે એક વન્યજીવોના હોલસેલ માર્કેટના સંપર્કમાં હતા. જ્યાં સીફૂડ, પોલ્ટ્રી,સાપ, ચામાચિડિયું તથા ફાર્મના જાનવરો વેચવામાં આવે છે. અહી જ આ દર્દીઓ કોરોના વાયરસનાં સંપર્કમાં આવ્યા. પછી થી આ વાયરસને WHOએ '૨૦૧૯- NCOV' નામ આપ્યું.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

હુબેઈ પ્રાંતના વુહાનથી ઉદભવેલો વાયરસ ધીરે-ધીરે આખા ચીનમાં અને પછી સમગ્ર દુનિયામાં ફેલાવવા લાગ્યો. વિષાણું ફેલાતા અટકાવવા માટે કેટલાંક અધિકારીઓએ હુબેઈ પ્રાંતના વુહાન, હુગાંગ, એજાઓ, જિંગિયાન અને ક્વિનજિઆંગ જેવાં પાંચ શહેરોમાં સાર્વજનિક પરિવહન બંધ કરી દીધું હતું. તેમ છતાં અનેક દેશ કોરોના વાયરસનો ભોગ બની ચુક્યું છે.

ચીનની સરકારી સાઉથ ચાઈના યુનિવર્સિટી ઓફ ટેક્નોલૉજીનાં જણાવ્યા પ્રમાણે, વુહાન સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલમાં આવા વાયરસનો જન્મ થયો હોઈ શકે. આ લેબમાં એવા જાનવરોને રાખવામાં આવતા હોય છે જેના દ્વારા આવી બીમારીઓ ફેલાતી હોય છે. જો કે, લેબમાં ૬૦૫ ચામાચીડિયા રાખવામાં આવ્યા હતા. જેનાથી કોરોના ફેલાવવાની આશંકા છે.

ઈઝરાયેલના જાસૂસના જણાવ્યા પ્રમાણે ચીનના વુહાનમાં આવેલી એક લેબોરેટરીમાં જ કોઈ ગડબડ થતા આ વાઈરસ ફેલાયો છે. ઈઝરાયેલના વાઈરોલોજિસ્ટ (વાઈરસ નિષ્ણા ત) જાસૂસ અને વિજ્ઞાનીએ દાવો કર્યો છે કે કોરોનાએ ચીની સરકારે પેદા કરેલું બાયોલોજિકલ (જૈવિક) હથિયાર છે. દુશ્મનનો સામુહિક ખાત્મો કરવા માટે રોગચાળો ફેલાવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે. આધુનિક યુગમાં આ પરંપરા બાયોલોજિક વોરફેર તરીકે ઓળખાય છે.

## કોરોના વાયરસ અને આધુનિક ભારતીય સમાજ :-

કોરોના વાયરસથી સમગ્ર માનવ સમાજ ત્રસ્ત છે, તેમાં ભારતીય સમાજ પણ બાકાત રહ્યું નથી. કોરોના વાયરસ જેવી ગંભીર મહામારીને રોકવા માટે જનતા કર્ફ્યુ-લોકડાઉન ફરજીયાત અમલમાં મુકવામાં આવ્યું છે. જેનાં લીધે શાળા-કોલેજ- યુનિવર્સિટીમાં અભ્યાસ

કરનાર, નાનો-મોટો વેપાર-ધંધો કરનાર, ખાનગી-સરકારી નોકરી કરનાર પ્રત્યેક લોકોને ફરજીયાત ઘરમાં જ રહેવું પડ્યું છે. તેમ છતાં ક્યાંક ને ક્યાંક બેદરકારીને લીધે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો થઇ રહ્યો છે. કોરોનાના સંકટે ભારતીય સમાજ પર અનેક વિધાયક અને વિઘાતક અસરો ઉપજાવી છે. બધા જ લોકોનું દૈનિક-જીવન, અંગત-જીવન, આર્થિક, સામાજિક-જીવન વિખેરાઈ ગયું છે.

વિધાયક અસરોમાં જોઈએ તો, જનતા કર્ફ્યુંના લીધે ફરજીયાતપણે ઘરમાં રહેવાનું હોવાથી, મોટાભાગના સભ્યો પરિવારના સભ્યોને પુરતો સમય આપી શકવા સક્ષમ બન્યા છે. પતિ-પત્ની, બાળકો, વડીલો એકબીજા સાથે ઘરમાં રહીને વધુ નજીક આવી રહ્યા છે. કેટલાક લોકો ઇન-ડોર ગેમ્સ જેમ કે – કેરમ, ચેસ, લૂડો, અંતાક્ષરી રમીને હળવો માહોલ ઉભો કરી રહ્યા છે. કોરોના વાયરસના લીધે સભ્યો એકબીજાની કાળજી લઇ રહ્યા છે. પુરુષ સભ્યો મહિલાઓને ઘરકામમાં મદદરૂપ બની રહ્યા છે. બાળકો પણ તેમના વડીલોને કોરોના વિશે માહિતગાર કરી જાગૃત કરી રહ્યા છે.

વિઘાતક અસરોમાં જોઈએ તો, કોરોનાના લીધે સમગ્ર સમાજ-વ્યવસ્થા જ પડી ભાંગી છે. દરેક વ્યક્તિનું જીવન જાણે ઘરમાં જ થંભી ગયું છે.માનવીએ સામાજિક પ્રાણી ને બદલે પારિવારિક પ્રાણી બનવા નો વારો આવ્યો છે. દૈનિક જીવન, અંગત જીવન, આર્થિક ઉત્પાદન વિખેરાઈ ગયું છે.ઉપરાંત લોકો વિચારશૈલી તંગ બની છે, માનસિક થાક, હતાશા-નિરાશા, સ્વભાવ ચીડિયો થવો, પરિવારના સભ્યો વચ્ચે નાની-નાની બાબતોમાં સંઘર્ષ થવો, તણાવનું પ્રમાણ વધવું વગેરેનો લોકો ભોગ બનવા લાગ્યા છે. કોરોનાગ્રસ્ત માહોલ અને લોકડાઉનનાં

લીધે ફરજીયાતપણે ઘરમાં જ રહેવાનું હોવાથી મોટાભાગના સભ્યો ટેલીવિઝન જોવામાં તેમજ સ્માર્ટફોન-ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં જ સમય પસાર કરે છે.

આથી સંશોધક તરીકે કોરોનાની સમાજ પર કેવા પ્રકારે અસરો થઇ રહી છે? તે જાણવામાં રસ હોવાથી આ વિષય પસંદ કરેલ છે. તેમજ આ સંશોધન ગુજરાત રાજ્યના સંદર્ભમાં હોવાથી સર્વેના આંકડા અન્ય સંશોધકો, વિદ્યાર્થીઓને ઉપયોગી બનશે. તેમજ અવનવી આરોગ્ય વિષયક યોજનાઓ ઘડવામાં, વ્યવહારમાં ઉપયોગ લેવા,તબીબી અને ઔષધીય સમાજશાસ્ત્રની શાખા વિકસાવવામાં ઉપયોગી બની રહેશે.

**અભ્યાસના મુખ્ય હેતુઓ :-**

૧. કોરોના વાયરસ જેવી મહામારીથી બચવા લોકો કેવી કાળજી લઇ રહ્યા છે, તે તપાસવું.

૨. પોતાના પરિવારના સભ્યો સાથેનો વર્તન-વ્યવહાર કેવાં પ્રકારનો છે, તે જાણવું.

૩. સામાજિક-અંતરને લીધે અસ્પૃશ્યતા, જ્ઞાતિગત-જાતિગત ભેદભાવ વધશે કે નહિ, તે જાણવું.

૪. મહામારીને લીધે સમાજમાં અંધશ્રદ્ધા,જ્યોતિષ-ભુવામાં વધારો થયો છે કે નહિ, તે તપાસવું.

૫. જનતા કર્ફ્યુના લીધે પરિવારના સભ્યો એકબીજા સાથે કેટલો સમય ફાળવે છે, તે તપાસવું.

૬. કોરોના ને કારણે જીવન અંગેનો દ્રષ્ટિકોણ બદલાયો છે તે તપાસવું

૭ . કોરોના વાયરસ ફેલાવવા માટે મુખ્યત્વે કોણ જવાબદાર છે, તે તપાસવું.

૮ . જનતા કર્ફ્યુના ફાયદા તથા ગેર-ફાયદા જાણવા.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

## અભ્યાસ પદ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યના સંદર્ભમાં છે. આથી ગુજરાતનાં જુદા-જુદા જિલ્લાઓમાં વસવાટ કરતાં લોકો પાસેથી ઓનલાઈન માહિતી એકત્રિત કરવામાં આવી હતી. માહિતી એકત્રિત કરવા માટે ગુગલ ફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગુગલ ફોર્મ તૈયાર કરી સોશિયલ મીડિયાનાં જુદા-જુદા માધ્યમો જેમ કે, ફેસબુક, મેસેન્ઝર, વોટ્સએપ, હાઈક વગેરે એપ્સ દ્વારા ગુગલ ફોર્મની લિંક અનેક લોકોને મોકલવામાં આવી હતી. જેમાં કુલ ૪૫૦ (૧૦૦%) ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ગુજરાતનાં જુદા-જુદા શહેરોનાં લોકોએ કોરોના વાયરસની સમાજ પર કેવી અસરો થઇ રહી છે? તે વિશે જાણકારી આપી હતી.

## અભ્યાસના મુખ્ય તારણો :-

→ આ સંશોધનમાં કુલ ૪૫૦ (૧૦૦%) ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૪૨ (૫૩.૯%) સ્ત્રીઓ અને ૨૦૮ (૪૬.૧%) પુરુષોનો ઉત્તરદાતા તરીકે સમાવેશ કરેલ છે.

→ સૌથી વધુ અપરિણીત ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૪૫ (૫૪.૮%), સગાઇ કરેલ ૩૪ (૭.૬%), પરિણીત ૧૫૮ (૩૫.૩%), વિધવા ૫ (૧.૧%), વિધુર ૪ (૦.૯%), ડિવોર્સી ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧ (૦.૨%) જોવા મળ્યું.

→ સૌથી વધુ ૨૧૪ (૪૭.૯%) ઉત્તરદાતાઓ વિદ્યાર્થી છે.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

→ વ્યાવસાયિક દરજ્જાના સંદર્ભમાં જોઈએ તો, ૧૧ (૨.૫%) ઉત્તરદાતાઓએ પોતાને બેરોજગાર ગણાવેલ છે. ૯૦ (૨૦.૧%) ઉત્તરદાતાઓ ખાનગી, ૩૮ (૮.૫%) ઉત્તરદાતાઓ સરકારી, ૩૯ (૮.૭%) ઉત્તરદાતાઓ સ્વતંત્ર ધંધો ધરાવે છે.

→ સંશોધનમાં સમાવિષ્ટ કરેલ ઉત્તરદાતાઓ ગુજરાતનાં જુદા-જુદા જીલ્લાઓમાં વસવાટ કરતા હોવાનું જાણવા મળ્યું :-

| ક્રમ | જીલ્લાઓ | સંખ્યા | ટકા (%) |
|---|---|---|---|
| 1. | અમદાવાદ | ૩0૧ | ૬૬.૬ |
| 2. | ગાંધીનગર | ૧૧ | ૨.૪ |
| 3. | સુરત | ૧૧ | ૨.૪ |
| 4. | વડોદરા | ૩૧ | ૬.૯ |
| 5. | રાજકોટ | ૧૩ | ૨.૯ |
| 6. | ખેડા | ૧૩ | ૨.૯ |
| 7. | બનાસકાંઠા | ૧0 | ૨.૨ |
| 8. | આણંદ | 0૯ | ૨ |
| 9. | મહેસાણા | 0૭ | ૧.૪ |
| 10. | સાબરકાંઠા | 0૬ | ૧.૩ |
| 11. | દાહોદ | 0૫ | ૧.૧ |
| 12. | ભાવનગર | 0૪ | 0.૮ |
| 13. | ભરૂચ | 0૪ | 0.૮ |
| 14. | નર્મદા | 0૪ | 0.૮ |
| 15. | વાપી | 0૩ | 0.૬ |
| 16. | કચ્છ – ભુજ | 0૩ | 0.૬ |
| 17. | તાપી - વ્યારા | 0૩ | 0.૬ |
| 18. | જામનગર | 0૨ | 0.૪ |
| 19. | કલોલ | 0૨ | 0.૪ |
| 20. | પંચમહાલ | 0૨ | 0.૪ |
| 15. | પાટણ | 0૨ | 0.૪ |
| 16. | વલસાડ | 0૧ | 0.૨ |
| 17. | અમરેલી | 0૧ | 0.૨ |
| 18. | અરવલ્લી | 0૧ | 0.૨ |
| 19. | સુરેન્દ્રનગર | 0૧ | 0.૨ |
| * | કુલ | ૪૫0 | ૧00% |

→ ઉત્તરદાતાઓ ઉપર દર્શાવેલ જિલ્લાઓનાં જુદા-જુદા ગામ-નગરો જેમ કે, કઠલાલ, નડિયાદ, બોટાદ, તારાપુર, જેતપુર, ઇડર, ભાભર, થરાદ, વિરમગામ, ખંભાલીયા, રાજપીપળા, પાલનપુર, સાણંદ, ખેડબ્રહ્મા, અંકલેશ્વર, માંડલ, સાગબારા, શાહેરા લાંભા, ધોળકા, હિંમતનગર, મેઘરજ, બાવલા, વાવ, જવારાજ વગેરેમાં રહેતા હોવાનું જણાયું છે. (આ બધા વિસ્તારોને જીલ્લાઓમાં સમાવી લીધેલ છે.)

→ સૌથી વધુ ૨૧૭ (૪૮.૫%) ઉત્તરદાતાઓ કાયમ માસ્ક પહેરી રાખતા હોવાનું જણાવેલ છે, જયારે ૧૬૮ (૩૭.૬%) ઉત્તરદાતાઓ ક્યારેક જ માસ્ક પહેરે છે.

→ સૌથી વધુ ૩૪૩ (૭૬.૭%) ઉત્તરદાતાઓ પરિવારના અન્ય સભ્યોને માસ્ક પહેરવા કે વારંવાર હાથ ધોવા દબાણ કરતા હોવાનું જણાયું છે.

→ કોરોના વાયરસ જેવી મહામારીને લીધે સૌથી વધુ ૧૨૬ (૨૮.૨%) ઉત્તરદાતાઓ ડર અનુભવે છે.

→ સૌથી વધુ ૩૬૦ (૮૦.૫%) ઉત્તરદાતાઓ પરિવારનાં વૃદ્ધ વ્યક્તિને છીંક કે ખાસી થતા તેઓને મોં આગળ રૂમાલ રાખવાનો આગ્રહ કરે છે.

→ સંશોધનમાં સમાવિષ્ટ કરેલ જે ઉત્તરદાતો પરિણીત છે, તેઓમાંથી સૌથી વધુ ૧૩૭ (૮૬.૭%) ઉત્તરદાતાઓ મુજબ, કોરોનાનાં લીધે પતિ-પત્નીનાં અંગત સંબંધોમાં સંઘર્ષ કે અડચણ ઉભા થયા નથી. જયારે ૨૧ (૧૩.૨%) મુજબ, પતિ-પત્નીનાં અંગત સંબંધોમાં સંઘર્ષ કે અડચણ ઉભા થયા છે.

VIDHYAYANA

→ સૌથી વધુ ૨૭૧ (૬૦.૬%) ઉત્તરદાતાઓ મુજબ, વાયરસના લીધે જ્ઞાતિગત/જાતિગત ભેદભાવ, અલગતા વધશે નહિ. જયારે ૧૭૬ (૩૯.૪%) એ અલગતા વધતી હોવાનું જણાવ્યું છે.

→ મોટાભાગના ૨૬૮ (૬૦%) ઉત્તરદાતાઓ મુજબ, લોકોમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પ્રત્યેની સભાનતા વિકસશે.

→ સૌથી વધુ ૩૩૪ (૭૪.૭%) ઉત્તરદાતાઓએ કોરોનાનાં લીધે સામાજિક અંતર વધ્યું છે તેમ જણાવ્યું છે.

→ સૌથી વધુ ૨૨૫ (૫૦.૩%) ઉત્તરદાતાઓ મુજબ, કોરોના વાયરસ ફેલાવવા માટે મુખ્યત્વે વિદેશથી આવેલા લોકોની બેદરકારી છે.

→ ૧૭૦ (૩૮%) એ કોરોના વાયરસથી બચવા દોરા/ધાગાં, પૂજા-પાઠ કે પ્રાર્થના કરેલ છે.

→ સૌથી વધુ ૨૬૯ (૬૦.૨%) ઉત્તરદાતાઓએ ધાર્મિક સ્થાનોએ મૂર્તિને માસ્ક પહેરાવવામાં આવે છે, તેને અંધશ્રદ્ધા ગણાવેલ છે, જયારે ૧૭૮ (૩૯.૮%) એ ભગવાન પ્રત્યેની લાગણી જણાવેલ છે.

→ સૌથી વધુ ૨૨૯ (૫૧.૨%) ઉત્તરદાતાઓ મુજબ, કોરોના વાયરસને દુર કરવા ધાર્મિક અંધશ્રદ્ધા, ભુવા, જયોતિષીઓ, અવનવા નુસખાઓમાં વધારો થયો છે.

→ સૌથી વધુ ૧૭૩ (૩૮.૭%) ઉત્તરદાતાઓ 'જનતા કર્ફ્યુ ' નાં ભાગરૂપે ઘરમાં હોવાથી પરિવારના સભ્યો સાથે વાતચીતમાં ખરા અર્થમાં ૫ કલાકથી વધુ સમય ફાળવે છે.

→ ૧૫૬ (૩૪.૯%) મુજબ, 'જનતા કર્ફ્યુ'નાં લીધે મહિલાઓનું કામનું ભારણ વધશે.

→ મોટાભાગના ૨૪૩ (૫૪.૨%) ઉત્તરદાતાઓ મુજબ, જનતા કર્ફ્યુંનાં લીધે ઘરમાં પુરાઈ રહેવું ગમે છે.

## ઉપસંહાર :-

કોરોના મહામારી ને લીધે લોકોમાં આરોગ્ય અંગે સભાનતા વધી છે, સાથે ડર અને હતાશા-નિરાશા વધી છે, જીવન પરત્વેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. ગુજરાતની મોટાભાગની પ્રજા સરકારના આદેશનું પાલન કરી લોકડાઉનનું પાલન કરે છે. સાથે જ તેના દૈનિક જીવનમાં અચાનક આવેલા આ બદલાવને સ્વીકારતો થયો છે . લોકો સમાજનાં સામાજિક હિત માટે કોરોના વાયરસથી બચવા સામાજિક અંતર જાળવી રાખવા સક્ષમ બન્યા છે. તેની માનસિક, આર્થિક તકલીફો અંગે ચિંતા કરતા સામાજિક અંતર વધારતા હવે તે પારિવારિક પ્રાણી બની ગયો છે.

જેમ-જેમ સામાજિક અંતર વધતું જાય છે, તેમ-તેમ માનવી સામાજિક પ્રાણી મટી, પારિવારિક પ્રાણી બનવા તરફ જઈ રહ્યો છે.

ગુજરાતનાં ડોક્ટર્સ, નર્સ, પોલિસ, સફાઈ કર્મચારીઓ એ તેમની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે. તેમજ ગુજરાતની પ્રજાએ તેની સેવાભાવની અને દાન કરવાની જે પરમ્પરા જાળવી રાખી છે તે માટે ગુજરાતની પ્રજાને સલામ...

## સંદર્ભસૂચી :-


1. www.vyaapaarsamachar.com
2. "https://gujarati.abplive.com"
3. "https://www.bbc.com/gujarati/india-51373800"
4. "https://gujaratmirror.in/international/gujarat-mirror-international-75165/"
5. https://www.vtvgujarati.com/news-details/corona-virus-gujarat-health-secretary-jayanti-ravi-press-conference